R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com


ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
(મો)૯૮૨૫૧૬૯૩૮૬

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-25 • ISSUE: 01/02 DATE: 09-01-16• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી મુફતિમોહમંદ સઇદનું નિધન



જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી મુફતિ મોહમંદ સઈદનું દિલ્હીની એઈમ્સ હોસ્પીટલમાં નિધન થયું હતું.તેઓ ૭૯ વર્ષના હતા.મુક્તિને ન્યુમોનિયા અને સેપ્સિસ (ચેપી રોગ)નામની બિમારીથી નિધન થયું હતું.ચાલુ હોદ્દા પર નિધન થનાર જમ્મુ-કાશ્મીરના તેઓ બીજા મુખ્યમંત્રી હતા.સઈદને ત્રણ પુત્રીઓ અને એક પુત્ર છે. મુફતિના નિધન બાદ તેમની પુત્રી મહેબુબા નવા મુખ્યમંત્રી તરીકે તેમના પિતાના અનુગામી બનશે. આમ દેશને વધુ એક મહિલા મુખ્યમંત્રી મળશે.જમ્મુ-કાશ્મીરમાં મુખ્યમંત્રી મુફતિ સઈદના નિધનને કારણે સાત દિવસનો શોક જાહેર કરવામાં આવ્યો છે.તે દરમિયાના રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવાશે.તેમના પાર્થિવ શરીરને તેમના પૈતૃક ગામ અનંતનાગમાં આવેલા બેજબેહરામાં દફન કરવામાં આવશે.

વડાપ્રધાનથી માંડીને કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ તથા તમામ મોટા નેતાઓએ મુફતીને શ્રધ્ધાંજલી આપી હતી.વડાપ્રધાને જણાવ્યુ હતું કે તેમના નિધનથી કાશ્મીરમાં શુન્ય પેદા થઈ ગયું છે.

## મહેબુબા મુફ્તી જમ્મુ-કાશ્મીરના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બનશે



જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી મુફ્તિ સઈદના નિધન થવાને કારણે પીડીપીના પ્રમુખ અને મુફ્તિના પુત્રી મહેબુબાની તેમના પિતાના અનુગામી તરીકે પસંદગી થઈ છે.લોકસભાના સાંસદ મહેબુબા વિધાન પરિષદના ૨૮ પીડીપી સભ્યોના નેતા તરીકે ચુંટી કાઢવામાં આવ્યા હતા.જો કે તેઓ ક્યારે પદ ગ્રહણ કરશે તે નક્કી નથી.પીડીપીના નેતા તરીકે ભાજપે પણ તેનું સમર્થન આપી દીધું છે.

૨૨મે,૧૯૫૯ના રોજ જન્મેલા મહેબુબા ની રાજકીય કારકીર્દી ૧૯૯૬થી શરુ થઈ હતી. તેઓ અનંતનાગની લોકસભાની સીટ પરથી પ્રથમવાર ચુંટાઈ આવ્યા હતા.૧૯૯૯માં તેઓ પીડીપીની રચના બાદ પાર્ટીના ઉપ પ્રમુખ બન્યા હતા.તેમને બે દીકરીઓ છે અને તેમના પતિ સાથે તેમણે છુટાછેડા લીધેલા છે.

જો કે તેમના પિતાએ હોસ્પીટલમાં માંદગી સમયે પોતાની ઈચ્છા વ્યક્ત કરતાં જણાવ્યુ હતું કે તેઓ સીએમ બને તે યોગ્ય રહેશે.આમ હવે તેમના પિતાની ઈચ્છા પણ પુરી થશે.મહેબુબાની મુખ્યમંત્રી તરીકેની પસંદગીમાં રાજ્યમાં સત્તામાં ભાગીદાર ભાજપે પણ પોતાનો વિચાર તેણીની તરફેણમાં આપ્યો છે.

## કર્ણાટક પુર્વ લોકાયુક્ત હેગડેનો ન્યાય સામે બળાપો

કર્ણાટકના પુર્વ લોકાયુક્ત એન.સંતોષ હેગડેએ જાણીતા અભિનેતા સલમાનખાનને ગણતરીની પળોમાં જામીન મુક્ત કરવાના કિસ્સા અંગે અસંતોષ વ્યક્ત કર્યો હતો.તેમણે કહ્યું હતું કે શ્રીમંત અને સામાન્ય લોકો માટે ન્યાય અલગ અલગ છે. દેશમાં વકરી રહેલા ભ્રષ્ટાચાર પર અંકુશ મુકવા માટે સ્થાનિક લોકોએ બહાર આવવું પડશે.બાકી દેશ આઝાદ થયો ત્યારથી અત્યાર સુધીમાં જે રીતે ભ્રષ્ટાચાર વધી રહ્યો છે તે જોતાં એમ લાગે છે કે દેશના એક રાજ્યમાં બજેટ કરતાં વધુ એક એક કૌભાંડમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ વધુ છે

બરોડા મેનેજમેન્ટ એસો.ના એક કાર્યક્રમાં યુવાનો સાથે વાર્તાલાપ કરતાં તેમણે કહ્યું હતું કે ન્યાયપાલિકાઓની કાર્યપધ્ધતિ શંકા ઊભી કરી રહી છે.તેમાં જે રીતે કેસ ચાલી રહ્યા છે તે અનેક પ્રશ્નો ઉભા કરી રહ્યા છે. દેશમાં ચોથી જાગીર સમાન મીડીયાએ આવા કિસ્સાઓમાં લોકોને જાગૃત કરતા રહેવું પડશે.ગુજરાતમાં લોકાયુક્ત અંગે તેમણે કહ્યુ હતું કે દેશમાં આમ તો લોકાયુક્ત અને લોકપાલનો કાયદો તો ૧૯૬૪થી છે. અમલ માટે લોકોએ અવાજ ઉઠાવવો પડશે.

## ગાંધીનગરમાંથી ભ્રષ્ટાચારના નામે તોડ કરતી નકલી કોર્ટ પકડાઇ

ગાંધીનગરમાં ભ્રષ્ટાચારને નામે તોડ કરતી નકલી કોર્ટનો પર્દાફાશ થયો છે. કેટલીક કો.ઓપ.સંસ્થાઓમાં બનાવટી ફડચા અધિકારીઓ બનીને આવી સંસ્થાઓને સકંજામાં લઈને નકલી કોર્ટમાં કેસ ચલાવીને દંડ ફટકારીને રુપીયા કમાવવાની અનોખી રીત પ્રકાશમાં આવી છે.નકલી કોર્ટ ચલાવનારાઓએ ગાંધીનગરમાં જે ગુજરાતની રાજધાની અને કડક કાયદો વ્યવસ્થા માટે જાણીતી છે તે જગ્યાજ આ માટે પસંદ કરી છે.એક ફરિયાદ મળતાં પોલીસે કરેલ તપાસમાં આ તથ્ય બહાર આવ્યું છે.ગુજરાતમાં યેનકેન પ્રકારે લોકોને ઠગવામાં નિષ્ણાત લોકો પુરબહારમાં ધંધો ચલાવી રહ્યા છે.નિષ્ઠાવાન અધિકારીઓની અછતને કારણે આ પુરજોશમા છે.

## પઠાણકોટના આતંકી હુમલા બાદ પાકિસ્તાનને અપાયેલ પુરાવા પાકિસ્તાન માટે અપુરતા છે : પાકિસ્તાન

પઠાણકોટ એરબેઝ પર થયેલ આતંકી હુમલામાં ભારતે પાકિસ્તાનને કેટલાક પુરાવાઓ આપ્યા છે.પાકિસ્તાન પર આ બાબતે આંતરરાષ્ટ્રીય દબાણ છે. પરંતુ ભારતે જે પુરાવા પુરા પાડ્યા છે તેના આધારે ઝડપી તપાસ કામગીરી કરવામાં આવે તે માટે પાકિસ્તાને અપુરતા પુરાવાનું કારણ દર્શાવ્યું છે.પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફે સૈન્યના અધિકારીઓને અને પાકિસ્તાની ઈન્ટેલીજન્સ બ્યુરોની બેઠક બોલાવીને આદેશ આપ્યો છે કે ભારતે જે પુરાવા આપ્યા છે તેના આધારે ઝડપી તપાસ પુર્ણ કરો. પરંતુ પાકિસ્તાની અધિકારીઓની અવળચંડાઈ શરુ થઈ ગઈ છે. તેમણે પુરાવાઓ અપુરતા છે અને આ પુરાવાના આધારે કોઈ તપાસ થઈ શકે નહી તેવું તેમનુ વર્તન દેખાઈ રહ્યું છે.તેમણે માત્ર એવું રટણ ચાલુ રાખ્યું છે કે ભારતે માત્ર ફોન નંબર જ આપ્યા છે.ભારત જો વધુ સચોટ પુરાવા આપશે તો કેસ મજબુત બની શકશે.

આ કેસમાં તપાસ કરી રહેલ એજન્સીઓ અને પોલીસ માની રહ્યા છે કે પઠાણકોટ એરબેઝ પર હુમલો કરવા આવેલા આતંકવાદીઓ તમામ હથિયારો પોતાની સાથે લાવ્યા નહોતા, તેઓ થોડાઘણા હથિયારો લાવ્યા હતા.બાદમાં તેમને અહીંયાથી મોટા જથ્થામાં હથિયારો અને દારુગોળા આપવામાં આવ્યા હતા.આતંકીઓને અહીયાના સ્થાનિક કોઈકનો સહયોગ સાંપડ્યો છે.તેથી તેઓ બધી હરકતો કરી શક્યા છે.અમેરિકા પણ આ બાબતની તપાસ વહેલી પુરી થાય તે માટે આતુર છે.તેઓના વિદેશી બાબતોના પ્રવક્તા જ્હોન કર્બીએ કહ્યુ હતું કે અમે પણ જાણવા માંગીએ છીએ કે ખરેખર પઠાણકોટમાં શું હતુ અને કોની સંડોવણી છે.

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## પેમેન્ટ ઓફ બોનસ એક્ટમાં શ્રમ મંત્રાલયે સુધારો કર્યો

પેમેન્ટ ઓફ બોનસ એક્ટમાં શ્રમ મંત્રાલય દ્વારા એક મહત્વનો સુધારો કરવામાં આવ્યો છે.પેમેન્ટ ઓફ બોનસ એકટમાં સુધારો કરીને રોજગાર દાતાઓને કામદારોને ચુકવવા માટેની મર્યાદા વધારાઈ છે.હાલમાં આ મર્યાદા ૧૦,૦૦૦સુધીની છે. જે વધારીને ૨૧,૦૦૦ની કરવામાં આવી છે.ધ પેમેન્ટ ઓફ બોનસ એકટ,૧૯૬૫ તરીકે ઓળખાતા આ એકટમાં કરાયેલા નવા સુધારાને સંસદના ગત સત્ર શિયાળુ સત્રમાં બહાલી મળી હતી.નવી સરકારે આ એક નવો સુધારો કર્યો છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

૨૦૧૬ નું નવુ વર્ષ આવતાં વેતજ આતંકવાદને નોતરુ દેતું આવ્યું.સહુ પ્રથમ આવેલા ૨૦૧૬ના આતંકી મહેમાનોએ ગુરદાસપુરના એસપીનું વાહન,અંગરક્ષક સહિતનું અપહરણ કર્યું. જેના માટે પુરા જીલ્લાની જવાબદારી છે એવા પોલીસ સુપ્રી.નું આતંકીઓ અપહરણ કરી ગયા. સામાન્ય માણસ માટે કપરા દિવસો નવા વર્ષમાં આવ્યા.અપહરણકારો નાસી ગયા અને છેવટે પઠાણકોટના એરબેઝમાં ગયા પોલીસ ફીંફા ખાંડતી રહી અને આતંકીઓએ પઠાણકોટ એરબેઝમાં કળા કરવાનું શરુ કરી દીધું.દેશની સુરક્ષાની જવાબદારી જે એજન્સીઓના શીરે છે તેમણે શું કર્યુ તે ખબર નથી પરંતુ આતંકીઓ સામે લડતા લડતા દેશમાં કેટલાક જવાનો અને અધિકારીઓ શહીદ જરુર થઈ ગયા અને હજુ સુધી છપ્પની છાતી વાળાને ખબર નથી કે પાકિસ્તાનથી કેટલા મહેમાનો આવ્યા હતા. જેમ તેઓ લાહોર અચાનક પહોચી ગયા તેમ આ મહેમાનો પણ અચાનક આવી ગયા. હવે સરહદ પારથી આવી પહોચેલા આ મહેમાનોને માટે કોના માથે ઠીકરુ ફોડાય છે તેની રાહ જોવી રહી.સરકાર પોતાના દોષનો ટોપલો કોઈના માથે ઓઢાળશે તે વાત નક્કી છે.

દેશમાં હાલમાં કેન્દ્ર સરકારના નાણાંમંત્રી ક્રિકેટ કૌભાંડમાં સંડોવાયેલા છે તે બાબતે રાજકીય ગરમાવો હતો જેમાં આતંકીઓએ પંકચર પાડ્યું છે.હાલ પુરતા જેટલીને રાહત મળી છે.પરંતુ સરકાર કેટલા મોરચે નિષ્ફળ રહી છે તેના પર વિચારણા રાષ્ટ્રીય સ્તરે થઈ રહી છે.આતંકીઓએ જ્યારે દેશના એરબેઝ પર હુમલો કર્યા ત્યારે દેશના પ્રધાનમંત્રી એક રાજ્યમાં યોગના પાઠ શિખડાવી રહ્યા હતા.દેશની સુરક્ષાની જવાબદારી જેમના માથે છે.તેઓ નિશ્ચિત હતા.જ્યારે રોમ ભડકે બળતું હતું ત્યારે નીરો ફીડલ બજાવતો હતો.એટલે કે સંગીતમાં મગ્ન હતો. જ્યારે આપણા દેશની પરિસ્થિતિમાં આતંકીઓમાના કેટલાક ઠાર કરાયા બાદ સેનાને અભિનંદન આપી દીધા.પરંતુ તેમને યોગ શિક્ષા આપવાનું ચાલુ રાખ્યું.

નવા વર્ષના નવા નજરાણા રુપે બીસીસીઆઈ માટે સુપ્રીમ કોર્ટે નીમેલી લોઢા કમિટીએ પોતાના રીપોર્ટમાં ભ્રષ્ટાચારને દુર કરવા સટ્ટાબાજીને કાયદેસર બનાવવાની ભલામણ કરી દીધી.નેતાઓને રમતના રાજકારણમાંથી દુર કરી ખેલાડીઓને સ્પોર્ટસ સંસ્થાઓનું સુકાન સોપવા ભલામણ કરી.સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલ જસ્ટીસ લોઢા સમિતિએ બીસીસીઆઈમાં ધરમુળમાંથી ફેરફાર કરવાના સુચનો પણ આપ્યા છે.બોર્ડના વહીવટી માળખા અને સંચાલનના માળખામાં મોટા ફેરફારની ભલામણો કરી છે.ખેર ક્રિકેટમાંથી બ્રષ્ટાચાર દુર કરવો હોય તો સટ્ટાબાજીને કાયદેસરતા આપવી તે ભલામણ કરીને સમિતિએ પોતાના ભલામણ પર ભાર મુક્યો છે.સમિતિએ ૧૫૯ પાનાના રીપોર્ટ સુપ્રીમ કોર્ટમાં આપ્યો છે જોઈએ કે સુપ્રીમ કોર્ટ તેમાંથી કેટલી બાબતો પર નિર્ણય લેવડાવવામાં સફળ રહે છે.નવું વર્ષ વધુ મોઘવારી સાથે આવ્યું છે. હજુ સુધી સરકાર સામાન્ય અને ગરીબ મધ્યમ વર્ગને પડતી તકલીફોમાં મદદરુપ થયો નથી.પરંતુ કાળઝાળ મોંઘવારી સરકાર દ્વારાજ વધારાય છે તેવું સાબિત થાય છે પેટ્રોલ ડીઝલપર આબકારી જકાત નાંખી સરકારે ફરીથી એક વાર અચ્છે દિન બતાવ્યા છે.

## બેન્કોએ ટોપ ડિફોલ્ટર્સની યાદી જાહેર કરવી પડશે : સુપ્રીમ કોર્ટ

સુચના અધિકાર એટલે કે આરટીઆઈ દ્વારા બેંકો સાથે સંકળાયેલી જાણકારી મેળવવા અંગે સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે રિઝર્વ બેંક દેશની અન્ય બેંકોની વિરુધ્ધ થયેલી તપાસ અને કાર્યવાહી અંગે આરટીઆઈ હેઠળ જાણકારી આપવાની ના પાડી શકે નહીં. આ સાથે જ સુપ્રીમ કોર્ટે રિઝર્વ બેંકને દેશના ટોચના ૧૦૦ બેક ડિફોલ્ટરના નામ જાહેર કરવાનો આદેશ આપ્યો છે.

બેકોએ ડિફોલ્ટરની માહીતી આપવાની સાથે સાથે એમ પણ જણાવવું પડશે કે આ ડિફોલ્ટરને કારણે બેંકને કેટલું નુકશાન ગયું અને આવા ડિફોલ્ટરો વિરુધ્ધ બેકોએ શું કાર્યવાહી કરી.અત્યાર સુધી આરબીઆઈ અને બેંકો લોકોને આ બાબતની જાણકારી આપતાં નહોતા.પરંતુ હવે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ આ માહીતી મળી શકશે.હવે બેકોના નાણાં ચાઉ કરી જનારા મોટા લોકોની માહીતી બહાર આવશે.


### ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૪૦)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૩૯૪ | બીએ.એમબીએ.ફાઇ.મેનેજમેન્ટ રનીંગ | ૨૪-૫-૮૭ | ૩૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૯૫ | બીએસસી નર્સીંગ | ૦૭-૦૩-૮૯ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૯૬ | એમ.એચ.આર.એમ. | ૦૭-૧૦-૮૮ | ૩૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૯૭ | બી.સી.એ. | ૨૧-૦૨-૮૭ | ૧૨૪૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૩૯૮ | બીબીએ.એમકોમ. ટેલી. | ૦૬-૦૨-૯૨ | ૧૩૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૯૯ | જીએનએમ.૩ ૧-૨વર્ષ નર્સીંગ | ૨૫-૧૧-૮૭ | ૧૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૦૧ | બીકોમ.બીટી.ઈસીએચએનસી.આઈટી | ૧૬-૧૨-૮૭ | ૧૮૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૪૦૩ | બીઈ મીકે.એન્જી | ૨૯-૯-૮૯ | ૨૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૦૫ | બીએસસી.સોફ્ટવેર એન્જી. | ૨૫-૧૦-૭૫ | ૪ લાખ | મેથો. | કુંવારા |
| ૪૦૬ | બી.એ. | ૦૩-૦૧-૮૭ | ૨૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૭૩૨ | એસવાય બીકોમ. | ૦૧-૧૨-૭૯ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૩૩ | એમએ.એમ.એડ,પીએચડી રનીંગ | ૦૧-૦૫-૭૯ | ૧૩૭૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૩૪ | એમ.એ.(ફીલોસોફી) | ૧૪-૧૨-૮૨ | ૨૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૩૫ | ૧૨પાસ | ૧૦-૧૧-૭૮ | ૨૦૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૭૩૬ | ૧૨પાસ | ૦૪-૧૨-૮૩ | ૧૨૦૦૦ | મેથો. | કુંવારા |
| ૭૩૭ | ૧૨ પાસ.દુબાઇ | ૦૩-૦૯-૮૮ | ૩૫૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૭૩૮ | બીએ. | ૦૨-૧૧-૮૪ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૩૯ | એમએસસી.બીએડ(વિદ્યાસહાયક) | ૧૬-૦૫-૮૭ | ૧૦૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૭૪૦ | ડીપ્લોમાં ફાઈન આર્ટ્સ | ૧૪-૦૮-૭૮ | ૩૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૧૪ | ૧૦ નાપાસ | ૨૦-૦૮-૭૮ | ૨૦૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૨૭૬ | બીકોમ.સેનેટરી ઈન્સ્પેકટર કોર્ષ | ૧૦-૦૭-૬૩ | ૨૦૦૦૦ | સીએનઆઈ | છુટાછેડા |
| ૨૭૭ | બીકોમ.માસ્ટર ઓફ લાયબ્રેરી કોર્ષ.ઈનફો.સાયંસ | ૨૮-૮-૭૯ | ૧૭૭૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૭૮ | ૧૨પાસ.કોમ્પ્યુ.કોર્ષ | ૧૦-૪-૮૨ | ૯૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૭૯ | એમએ.બીએડ(અંગ્રેજી) | ૧૦-૮-૮૪ | ૨૩૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૨૮૦ | એમ.એસ.સી. | ૦૩-૧૦-૬૪ | ૫૫૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૨૮૧ | એમ.એસ.ડબલ્યુ(પુના) | ૨૮-૧૧-૮૨ | ૩૧૦૦૦ | આર.સી. | છુટાછેડા |

## ★ યુવતીઓ (૪૦) ★

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૩૯૩ | બીટેક. કોમ્પ્યુ. એન્જી. | ૧૪-૧૧-૮૯ | ૧૪૫૦૦ | મેથો. | કુંવારા |
| ૩૯૪ | બીકોમ. અમેરીકા ગ્રીનકાર્ડ | ૨૩-૧૨-૭૨ | - | આર.સી. | કુંવારા |
| ૩૯૫ | બીએ. માસ્ટર ઓફ પબ્લીક એડ્મી. | ૧૪-૦૯-૮૮ | - | સા.આર્મી. | કુંવારા |
| ૩૯૬ | એમએસસી.બાયોટેકનોલોજી. | ૧૨-૯-૯૦ | ૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૯૭ | બીઈ.આઈટી ઈંગ્લીંસ મીડીયમ | ૦૧-૧૧-૯૦ | - | સા.આર્મી | કુંવારા |
| ૩૯૮ | જીએનએમ. ૩ ૧-૨ વર્ષ નર્સીંગ | ૨૯-૩-૮૯ | ૧૦૦૦૦ | આર.સી | કુંવારા |
| ૪૦૦ | જી.એન.એમ. | ૧૧-૨-૮૭ | ૧૧૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૦૧ | પોસ્ટ ગ્રેજ્યુએશન જર્નાલીઝમ(ઈંગ્લીંસ મીડીયમ) | ૨૦-૨-૯૦ | ૧૨૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૦૨ | બીએસસી.એમસીએ.સોફ્ટવેર એન્જી. | ૧૮-૧૧-૭૭ | ૩૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૦૩ | ફીઝીયોથેરાપીસ્ટ અમેરીકા | ૧૮-૮-૮૮ | ૪ લાખ | આર.સી. | કુંવારા |
| ૪૦૪ | ૧૨સાયંસ,કોમર્સ.પાઈલોટ(ચાલુ)રેડીયોલોજી(યુએસ) | ૧૨-૯-૮૯ | ૫૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૮૩ | પીટીસી(બીએ ગુજરાતી) | ૨૯-૭-૯૦ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૮૪ | એમએ.બીએડ. | ૧૩-૧૦-૮૫ | ૪૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૮૫ | ૧૨પાસ.સેક્રટરીકોર્ષ,બીકોમ રનીંગ | ૨૭-૮-૮૯ | ૬૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૮૬ | બી.એ. | ૧૪-૧૧-૭૯ | - | મેથો. | કુંવારા |
| ૪૮૭ | બીકોમ.એમકોમ(પાર્ટ વન)પીજીડીસીએ. | ૧૨-૦૭-૭૮ | ૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૧૬૨ | ૧૦ નાપાસ(પ્રી પીટીસી) | ૧૬-૧-૮૬ | - | આર.સી. | છુટાછેડા |
| ૧૬૩ | પીટીસી. ઈઝરાયેલ | ૦૧-૦૮-૮૨ | ૧ લાખ | મેથો. | છુટાછેડા |
| ૧૬૪ | ૧૨પાસ,એરહોસ્ટેસકોર્ષ,જનરલ નર્સીંગબીજુવર્ષ | ૨૨-૨-૮૭ | - | આર.સી. | છુટાછેડા |
| ૧૬૫ | એમએ.બીએડ. | ૧૮-૮-૮૫ | ૫૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૧૬૬ | બીએસસી,માઈક્રો,એમએલટી.બીસીએ | ૦૨-૦૧-૭૭ | ૧૬૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૧૬૭ | બીએ.એલએલબી.રનીંગ. | ૧૦-૦૨-૭૫ | - | આર.સી. | છુટાછેડા |


### ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેક્ટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

(૧) રજીસ્ટ્રેશન ફી યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.

(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**

## ઉત્તરપ્રદેશ સહિતના રાજ્યોમાં આવનારી વિધાનસભાની ચુંટણીઓમાં ખતરનાક ઇરાદા સાથે ૨૦૦૨ જેવી ઉપદ્રવની સ્થિતિ કરવામાં આવી રહી છે : આઝમખાન

ઉત્તરપ્રદેશના ચર્ચાસ્પદ નિવેદનો આપનારા મંત્રી આઝમખાને વર્ષ ૨૦૦૨ના ગુજરાતના રમખાણોનો ઉલ્લેખ કરીને કહ્યું છે કે ઉત્તર પ્રદેશ સહિતના રાજ્યોમાં આવનારી વિધાનસભાની ચુંટણીઓ અગાઉ ખતરનાક ઈરાદા સાથે ૨૦૦૨ જેવી ઉપદ્રવની સ્થિતિ ઉભી કરવામાં આવી રહી છે.

આઝમખાને કહ્યું કે ભાજપે બિહારમાં ચુંટણી જીતવા માટે ગૌ,ગંગા અને રામમંદિરના મુદ્દા ચગાવવા ભરપુર પ્રયાસ કર્યા હતા.પણ તેમને ઐતિહાસિક પછડાટ મળી. તેમણે આક્ષેપ કર્યો હતો કે રામમંદિરના નામે એકત્ર કરાયેલી દાનની રકમની વિગત શા માટે જાહેર કરવામાં આવતી નથી.આઝમે પોતે વડાપ્રધાન બનવા માંગે છે તે બાબતનો ઉલ્લેખ કરીને કહ્યું કે તેઓ આ પદ માટે સૌથી યોગ્ય વ્યક્તિ છે.તેમણે કહ્યું કે પીએમ બનવાના તમામ ગુણ મારામાં છે. મોદી જેવા આ પદથી હટશે તે સાથેજ સમાજવાદી પક્ષના વડા મુલાયમસિંહ યાદવ પોતે જ આ પદ માટે મારુ નામ આગળ કરશે. તેનાથી નીચું કોઈપણ પદ મારુ અપમાન ગણાશે.

## ઉત્તરાયણમાં વપરાતી ચાઇનીંઝ દોરીના વેચાણ,ઉપયોગ પર પ્રતિબંધ

અમદાવાદ શહેર પોલીસે આગોતરા પગલાં ભરીને ઉત્તરાયણના ત્રણ અઠવાડિયા અગાઉ ચાઈનીઝ દોરીના વેચાણ અને તેનાથી પતંગ ઉડાવવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.પોલીસ કમિશ્નરે જાહેરનામુ બહાર પાડીને ચાઈનીઝ દોરીનું વેચાણ અને તેના ઉપયોગ સામે કાયદાકીય કાર્યવાહી કરી શકાશે તેવું જણાવ્યું છે.

જાહેરનામામાં જણાવાયું છે કે પાકા સિન્થેટીક ચાઈનીઝ નાયલોન મટીરીયલથી તૈયાર કરાયેલા પાકા દોરાથી ઉડાવાતા પતંગોના કારણે રોડ ઉપર વાહન ચલાવતા વાહનચાલકોને ગંભીર ઈજા થાય છે.અમુક લોકો જિંદગી પણ ગુમાવે છે.આવા દોરાથી પક્ષી ધાયલ થાય છે કે મૃત્યુ પામે છે.આથી ચાઈનીઝ દોરીના વેચાણ કે તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

ઉત્તરાયણના દિવસો દરમિયાન સવારે ૬ થી ૮ અને સાંજ ૫ થી ૭ દરમિયાન પક્ષીઓ તેમના માળામાંથી બહાર નીકળતા હોય છે અને માળામાં પરત ફરતા હોય છે.આથી આ સમયગાળા દરમિયાન પક્ષીઓને બચાવવા પતંગ ઉડાડવાનું ટાળવું જોઈએ તેવી અપીલ પોલીસ કમિશ્નર શિવાનંદ ઝાએ કરી છે. એ જ રીતે જાહેર રોડ પર પતંગ ઉડાડવા કે કપાયેલ પતંગ દોરી પકડવા દોડધામ કરવાનુ ટાળવું,અકસ્માત,જીવલેણ ઘટના ટાળવા સતર્ક રહેવા અપીલ કરાઈ છે.

પોલીસ દ્વારા લોકહિતમાં પ્રતિબંધો લગાવવામાં આવે છે પરંતુ તેનો અમલ થતો નથી.દારુખાનુ ફોડવા માટે રાત્રિના દસ પછી પ્રતિબંધ છે પરંતુ આખી રાત દારુખાનું ફુટે છે.અને પ્રતિબંધનો છેડેચોક ભંગ થાય છે પરંતુ તેની સામે કોઈ પગલાં લેવાતા નથી.હેલમેટ વગર ફરવું મનાઈ હોવા છતાં તેનો અમલ થતો નથી.


**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## કોમન સીવીલ કોડ અંગેની અરજી સુપ્રીમે ફગાવી દીધી

દેશમાં કોમન સીવીલ કોડ લાગુ કરવા અંગેની સુપ્રીમ કોર્ટમાં એક જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી.અરજીમાં જણાવાયું હતું કે કોર્ટ કેન્દ્ર સરકારને નિર્દેશ કરે કે ટુંક સમયમાં કોમન સિવિલ કોડ અમલી બનાવવામાં આવે.સુપ્રીમ કોર્ટના વકીલ અશ્વિન ઉપાધ્યાય દ્વારા આ અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજીમાં જણાવાયું હતું કે ઝડપથી કોમન સિવિલ કોડને લાગુ કરવામાં આવે. કારણ કે તેમાં જ આધુનિક રાષ્ટ્રનું હિત રહેલું છે.આ લાગુ કરવાથી જ ખ્યાલ આવશે કે દેશમાં ધર્મ,જાતી અને વર્ણના આધારે કરવામાં આવેલા ભેદભાવ દુર થયા છે.સુપ્રીમ કોર્ટે અરજી ફગાવતા જણાવ્યું હતું કે આ મુદ્દે કોર્ટ કંઈ કહી શકે તેમ નથી.આ બાબતનો નિર્ણય સંસદમાં લેવાવો જોઈએ.દેશમાં કટ્ટર હિંદુત્વવાદ ને દાખલ કરવા માટેના યેનકેન પ્રયત્નો ચાલી રહ્યા છે.અને સરકારને આવા મુદ્દાઓ ઉભા થાય તેમાં રસ છે તો જ અન્યો જેઓ બિનસાંપ્રદાયકતાના બંધારણમાં માને છે તેમને અકળાવીને તેમને પાઠ ભણાવી શકાય.ઘર વાપસી,લવ જેહાદ અને ગૌમાંસના મુદ્દાઓ સાથે કોમન સીવીલ કોડ પણ સંકળાયેલ છે જે હજુ સુધી સત્તાવાર રીતે બહાર આવ્યો નથી.પરંતુ તેને કોઈપણ પ્રકારે બહાર લાવવા પ્રયત્નો થઈ રહ્યા છે.

ફ્રાંસના વિલિયમ પોસ્ટલના ૧૨૦ વર્ષની ઉંમરે મુછના વાળ કાળા હતા.યુનાનના વૈદ ગેલન ૧૪૦ વર્ષ જીવ્યા હતાય

ડેમન્ડની એક અમીરજાદી ૧૪૦ વર્ષ જીવી હતી.ત્રણ વખત પડી ગયેલા દાંત પાછા આવ્યા હતા.

ગ્રીસના તત્વજ્ઞાની ઝેનોએ, પોતાના સ્વમાન ખાતર બે દાંત વચ્ચે જીભ કાપી નાંખી, રાજા ઉપર ફેકી હતી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


## દેશની મુસ્લીમ લઘુમતીઓના વિકાસ માટે સંઘે પરિવાર નિયોજન વિષય આધારિત મુસ્લીમ મહિલા સંમેલન અજમેરમાં યોજ્યું

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ તરફથી અજમેરમાં પરિવાર નિયોજનના મહત્વ વિશે આયોજિત સંમેલનમાં પાંચ હજારથી વધુ મુસ્લીમ મહિલાઓએ ભાગ લીધો હોવાનો દાવો કરાયો હતો.સંઘ તરફથી આ સંમેલનનો વિષય 'નાનું કુટુંબ, સુખી કુટુંબ' પર આધારિત હતો.મુસ્લીમ મહિલાઓએ આ મુદ્દાને ગંભીરતાથી લઈને સંઘના આ પ્રયાસને વખાણ્યો હતો.

સંઘના વરિષ્ઠ નેતા ઈન્દ્રેશકુમારે સંમેલનમાં સંબોધન કરતી વખતે મુસ્લીમ મહિલાઓ માટે અલગ કોર્સની સ્થાપના કરવાની વાત કરી હતી.તેમના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં આ ભંડોળ મહિલા શિક્ષણ અને તેમની પ્રગતિ માટે મદદરુપ થશે.તેમણે કહ્યુ હતું કે હવે સમય પાકી ગયો છે. જ્યારે મુસ્લીમ મહિલાઓએ પોતાના બાળકોના ભવિષ્ય માટે વિચારવાનું શરુ કરવું જોઈએ.કુટુંબ નિયોજનના માધ્યમથી મહિલાઓ માત્ર પરિવારની સ્થિતિને સુધારી શકે નહી,પરંતુ દેશના વિકાસમાં પણ યોગદાન આપી શકશે. તેમણે એમ પણ કહ્યું હતું કે મુસ્લીમ મહિલાઓએ હવે પોતાના માટે જાગૃત થવું પડશે.મુસ્લીમ સમાજની વધતી જનસંખ્યા પ્રત્યે સમય પ્રમાણે જાગૃત નથી થયો, જેના કારણે સમાજનો વિકાસ રુંધાઈ ગયો છે.

સંમેલનમાં ભાગ લેવા આવેલી મહિલાઓ શબનમ બાનો, હસીના બેગમ,ઈમરાના બેગમ,નસીમાએ આ આયોજન અંગે ખુશી વ્યક્ત કરી હતી.તેમણે જણાવ્યું હતું કે આ સંમેલન થકી મહત્વની જાણકારી લઈને જઈએ છીએ. કુટુંબ નિયોજન આજના સમયની જરુરીયાત છે.જેને ધ્યાનમાં રાખી અમે આ માટે ગંભીરતાથી કામ કરીશું.અમે પણ ઈચ્છીએ છીએ કે અમારા બાળકોનું સારુ પાલનપોષણ થાય અને કોઈ અભાવમાં ન જીવવુ પડે.

જો સંઘના પ્રયત્નો છતાં હજુ સંઘના કેટલાક નેતાઓ વારંવાર હિદુઓને વધુ બાળકો પેદા કરવાની સલાહ આપે છે.કારણકે મુસ્લીમો કુટુંબ નિયોજન નહી કરતા હોવાને કારણે તેમની વસ્તી વધી રહી છે જે તેમને માફક આવતું નથી.દેશમાં કોઈની પણ વસ્તી વધતી અટકે અને જનસમુહના આંકડો કાબુમાં આવે તો દેશનો વિકાસ થઈ શકે તે માટે સહુ કોઈએ પ્રયત્ન કરવા જોઈએ.સંઘ તરફથી આ બાબતે કરવામાં આવેલ પ્રયત્ન બિરદાવવા જેવો છે.

## નીતીશકુમારે સંઘના વડા મોહન ભાગવતે રામમંદિર બનાવવાના કરેલા નિવેદનને વખોડી કાઢ્યું

મોહન ભાગવત, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા, જેમણે તાજેતરમાં એક નિવેદન કર્યું કે તેમના જીવનકાળમાં જ રામમંદિર બંધાઈ જશે.તેમના આ નિવેદન બાદ રાજકીય વિવાદ સર્જાયો હતો.ભાજપના વિરોધ પક્ષોની સાથે સાથે સાથી પક્ષ શિવસેનાએ પણ ભાજપ-સંઘને વખોડી કાઢ્યા હતા.

બિહારના મુખ્યમંત્રી નિતીશકુમારે કહ્યું હતું કે ભાજપ રાજકીય લાભ ખાટવા માટે જ રામ મંદિરનો મુદ્દો જીવતો રાખવા માંગે છે.તેઓ લોકોની લાગણીઓનો ફાયદો ઉઠાવી રહ્યા છે.ભાજપ-સંઘ ભગવાન રામ સાથે એવો વ્યવહાર કરી રહ્યા છે જાણે તેઓ તેમની પાર્ટીના સભ્ય હોય. તેમને ખબર છે કે કોર્ટના ચુકાદા અને બંને પક્ષોની સહમતી સધાયા પછી જ મંદિર બની શકે તેમ છે.પરંતુ તેમ છતાં તેઓ આવી ટીપ્પણીઓ કરતા રહે છે.ભાજપ અને સંઘના લોકો કહે છે કે રામ લલ્લા અમે આવીશું, મંદિર ત્યા જ બનાવીશું ,પરંતુ તારીખ નહીં જણાવીએ.

કોગ્રેસના દિગ્વિજયસિંહે કહ્યુ હતુ કે ભાજપ અને સંઘ બંને રાજકીય લાભ ખાટવા માટે રામ મંદિરના મુદ્દાનો ઉપયોગ કરી રહ્યા છે.તેઓ લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છ.તો ભાજપના સાથી પક્ષ શિવસેનાના નેતા સંજય રાઉતે કહ્યુ હતું કે અમે પણ ઈચ્છીએ છીએ કે રામમંદિર બનવું જોઈએ પરતું યુપીમાં ચુંટણીઓ નજીક આવી રહી છે ત્યારે લોકોને છેતરવા ન જોઈએ.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.